142 Crના ખર્ચે આભવા, ખજોદ, મીંઢોળા પાસે 3 ઓવરબ્રિજ બનશે

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટિલની આગેવાનીમાં ચોર્યાસી ધારાસભ્ય સંદીપ દેસાઈએ પરિવહન મંત્રીને દિલ્હી ખાતે રજૂઆત કરી હતી

રોજ 25,000 વાહનોથી ધમધમતા NHAI પર ત્રણ ફ્લાયઓવર માટે કેન્દ્રની મંજૂરી

ધુલિયા સચિન - હજીરા હાઈવે અને સુરત સિટીનું ટ્રાફિક ભારણ ઘટશે

સુરતઃ સચિનથી ઈચ્છાપોર થઈ હજીરા તરફ જતાં હજીરા-ધુલિયા નેશનલ હાઈવે નં-53 પર વર્ષોથી ચાલતી ટ્રાફિક જામ અને વધતા અકસ્માતોની સમસ્યાનો હવે અંત આવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું ભરાયું છે. કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આ હાઈવે પર આભવા, ખજોદ અને મીંઢોળા નદી બ્રિજને જોડતા માર્ગ પર ત્રણ મહત્ત્વના ફ્લાયઓવર બનાવવા માટે લીલીઝંડી આપી છે. કુલ રૂ.142 ક્રોડના ખર્ચે આ ત્રણ ફ્લાયઓવરનું નિર્માણ થવાનું છે. સ્થાનિક લોકો અને ઉદ્યોગકારોની લાંબા સમયથી ચાલતી માંગને પગલે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટિલની આગેવાનીમાં ચોર્યાસી ધારાસભ્ય સંદીપ દેસાઈએ દિલ્હી ખાતે કેન્દ્રીય પરિવહન મંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. રજૂઆતમાં ટ્રાફિકની ગંભીર સ્થિતિ, ઉદ્યોગોને થતો સમય અને ઈંધણનો નુકસાન તથા માર્ગ સુરક્ષાના મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા.

હજીરા વિસ્તાર દેશના અગ્રણી ઔદ્યોગિક હબ તરીકે ઓળખાય છે. અહીં એલએન્ડટી, ક્રિભકો, AMNS, રિલાયન્સ, ગેઇલ, NTPC જેવી મોટી કંપનીઓ સાથે એસ્સાર પોર્ટ અને અદાણી પોર્ટ કાર્યરત છે. આ ઉદ્યોગોમાં કામ કરતા હજારો કર્મચારીઓ તેમજ ભારે વાહનો, કન્ટેનર અને ટ્રકોની સતત અવરજવર હોવાને કારણે સચિનથી ઈચ્છાપોર-હજીરા હાઈવે પર રોજિંદા સરેરાશ 25,000 જેટલા વાહનો પસાર થાય છે. પિક અવર્સ દરમિયાન ટ્રાફિક જામ સામાન્ય બની ગયો હતો.

આ ઉપરાંત સચિન જીઆઇડીસી, પાંડેસરા જીઆઇડીસી, હીરાબુર્સ, ચેમ્બર ઓફ કોમર્સ, હોજીવાલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા તથા સુરત એરપોર્ટ તરફ આવતાં-જતાં વાહનો પણ આ જ માર્ગનો ઉપયોગ કરતા હોવાથી હાઈવે પર ભાર વધતો હતો. હાઈવેની બંને બાજુ આવેલા આભવા, ખજોદ, બુડિયા, દીપલી, સોનારી, ગભેણી, સરસાણા, ભીમરાડ તેમજ આગળ ઇચ્છાપોર તરફ કવાસ, મોરા, દામકા, ભટલાઈ અને રાજગરી જેવા ગામોના સ્થાનિક વાહનો પણ હાઈવે ટ્રાફિક સાથે ભેગા થતા હતા. પરિણામે અકસ્માતોની સંખ્યા ચિંતાજનક રીતે વધી હતી.

મંજૂર યોજનાનુસાર આભવા નજીક અંદાજે રૂ.48 ક્રોડના ખર્ચે એક ફ્લાયઓવર, ખજોદ નજીક રૂ.50 ક્રોડના ખર્ચે બીજો ફ્લાયઓવર અને આભવા-ઉભરાટ વચ્ચે મીંઢોળા નદી પર બની રહેલા બ્રિજને જોડતા ને.હા.53 પર ટ્રાફિક નિવારવા રૂ.44 ક્રોડના ખર્ચે ત્રીજો ફ્લાયઓવર બનશે. સાથે સાથે સર્વિસ રોડની કામગીરી પણ હાથ ધરાશે. ફ્લાયઓવરની મંજૂરી મળતા આભવા, ખજોદ, મીંઢોળા સહિત આસપાસના ગામોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

ક્યા ફ્લાયઓવર પાછળ કેટલો ખર્ચ?

- આભવા નજીક ફ્લાયઓવરઃ રૂ. 48 ક્રોડ
- ખજોદ નજીક ફ્લાયઓવરઃ રૂ. 50 ક્રોડ
- મીંઢોળા નદી નજીક NH-53 પર ફ્લાયઓવરઃ રૂ. 44 ક્રોડ
- કુલ ખર્ચ : રૂ. 142 ક્રોડ

ગુજરાત, મહારાષ્ટ્ર અને કચ્છ વચ્ચે દોડતી

10 જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા માર્ચ સુધી લંબાવાયા

બાંદ્રા ટર્મિનસથી ભાવનગર, ભુજ અને ઓખાને જોડતી ટ્રેનોના સમયગાળામાં વધારો

સુરતઃ પશ્ચિમ રેલવેએ મુસાફરોને મોટી ભેટ આપી છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને કચ્છ વચ્ચે દોડતી 10 જોડી સ્પેશિયલ ટ્રેનો હવે માર્ચ 2026 સુધી લંબાવવામાં આવી છે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, બાંદ્રા ટર્મિનસથી ભાવનગર, ભુજ અને ઓખા જેવા મુખ્ય સ્ટેશનોને જોડતી ટ્રેનોના સમયગાળામાં વધારો કરાયો છે.

કચ્છ અને સૌરાષ્ટ્ર માટે ખાસ સુવિધા

કચ્છઃ ભુજ માટેની ત્રણ અલગ-અલગ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનો (09037, 09009, 09011) હવે માર્ચના અંત સુધી દોડશે.

સૌરાષ્ટ્રઃ વેરાવળ અને ઓખા તરફ જતી સ્પેશિયલ ટ્રેનોને પણ લંબાવવામાં આવી છે, જેનાથી યાત્રાળુઓને મોટો ફાયદો થશે.

મહત્વની નોંધઃ આ તમામ ટ્રેનો માટેનું બુકિંગ 8 ફેબ્રુઆરી 2026 થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC ની વેબસાઇટ પર શરૂ કરી દેવામાં આવ્યું છે.

મુખ્ય ટ્રેનો અને તેની નવી વિગતોઃ

ટ્રેન નંબર	રૂટ (Route)	લંબાવવામાં આવી
09207/09208	બાંદ્રા ટર્મિનસ - ભાવનગર (સાપ્તાહિક)	27 માર્ચ, 2026
09415/09416	બાંદ્રા ટર્મિનસ - ગાંધીધામ (સાપ્તાહિક)	26 માર્ચ, 2026
09055/09056	બાંદ્રા ટર્મિનસ - ઉધના (સુરત)	31 માર્ચ, 2026
09037/09038	બાંદ્રા ટર્મિનસ - ભુજ (સાપ્તાહિક)	31 માર્ચ, 2026
09215/09216	ભાવનગર - ગાંધીગ્રામ (દૈનિક)	31 માર્ચ, 2026

15મી પછી સુરતમાંથી ઠંડીની વિદાયની શક્યતા

હાલમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી સવારે આંશિક ઠંડક

સુરતઃ સુરત શહેરમાં આજે ઉત્તરના પવન સાથે તાપમાનમાં ઘટાડો નોંધાયો હોવા છતાં ગરમીનો અહેસાસ યથાવત રહ્યો હતો. હવામાન વિભાગ દ્વારા અગાઉ આગાહી કરવામાં આવી હતી કે 10 તારીખે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે તાપમાનમાં આંશિક ઘટાડો જોવા મળી શકે છે, જે મુજબ આજે શહેરના હવામાનમાં થોડો ફેરફાર નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજરોજ શહેરનું મહત્તમ તાપમાન એક ડિગ્રીના ઘટાડા સાથે 34.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ અડધો ડિગ્રી ઘટીને 18.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જોકે, દિવસ દરમિયાન તડકાની તીવ્રતાને કારણે ગરમીનો અનુભવ નાગરિકોને થતો રહ્યો હતો. હવામાં ભેજનું પ્રમાણ 43 ટકા નોંધાયું હતું અને ઉત્તર દિશાથી પ્રતિ કલાક આશરે 4 કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ આ ઘટાડો તાત્કાલિક છે અને તેની અસર લાંબા સમય સુધી રહેવાની શક્યતા નથી. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે આગામી 15 તારીખ બાદ ઠંડી પુરેપુરી રીતે વિદાય લેશે અને શહેરમાં ઉનાળાની ઋતુનો સ્પષ્ટ પ્રારંભ થશે. પરિણામે આગામી દિવસોમાં તાપમાન ફરીથી વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જેને પગલે નાગરિકોને ગરમી સામે સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

નીટ-યુજી 2026 માટે ઉંમર મર્યાદા મુદ્દે સ્પષ્ટતા

2009 પછી જન્મેલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે નહીં

રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ, 3 મેના રોજ દેશભરમાં પરીક્ષા યોજાશે

ધો.12 બાયોલોજી વિદ્યાર્થીઓ માટે 8 માર્ચ સુધી નોંધણી ફરજિયાત

સુરતઃ મેડિકલ અને પેરામેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે દેશની સૌથી મહત્ત્વપૂર્ણ પ્રવેશ પરીક્ષા ગણાતી નીટ-યુજી 2026 માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સાથે જ પરીક્ષા તારીખની સત્તાવાર જાહેરાત પણ કરવામાં આવી છે. આગામી 3 મે 2026ના રોજ રવિવારે બપોરે 2થી 5 વાગ્યા સુધી સમગ્ર દેશમાં પરીક્ષા યોજાશે.

આ વર્ષે પરીક્ષાને લઈને મહત્ત્વપૂર્ણ બાબત તરીકે ઉમર મર્યાદા અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. મુજબ, 31 ડિસેમ્બર 2009 પછી જન્મેલા વિદ્યાર્થીઓ નીટ-યુજી 2026 પરીક્ષા આપી શકશે નહીં, જેથી ઘણા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આ જાણકારી અગત્યની બની છે. ધોરણ 12માં બાયોલોજી વિષય સાથે અભ્યાસ કરી રહેલા તેમજ પાસ થયેલા વિદ્યાર્થીઓએ 8 ફેબ્રુઆરીથી 8 માર્ચ 2026 સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. સમયમર્યાદા પૂર્ણ થયા બાદ નોંધણી કરવાની કોઈ તક આપવામાં આવવાની શક્યતા ઓછી હોવાથી વિદ્યાર્થીઓએ સમયસર પ્રક્રિયા પૂર્ણ કરવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે. શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોના જણાવ્યા મુજબ, મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશ માટે વધતી સ્પર્ધાને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓએ સમયસર નોંધણી સાથે ગહન તૈયારી શરૂ કરવી જરૂરી બની છે. ખાસ કરીને ઉમર મર્યાદા અને પ્રવેશની નવી નીતિઓને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓએ માર્ગદર્શન મેળવી તૈયારી કરવી જરૂરી ગણાઈ રહી છે.

ફિઝિયોથેરાપી કોર્સ માટે પણ નીટ સ્કોર જરૂરી બનવાની શક્યતા

નીટ-યુજી પરીક્ષાના સ્કોરના આધારે મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ, હોમિયોપેથી, નર્સિંગ (સેન્ટ્રલ) તથા વેટરનરી સાયન્સ જેવા કોર્સોમાં પ્રવેશ આપવામાં આવે છે. આ વર્ષથી દેશના કેટલાક રાજ્યોમાં ફિઝિયોથેરાપી કોર્સમાં પ્રવેશ માટે પણ નીટ સ્કોર ફરજિયાત બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં હજી સુધી ફિઝિયોથેરાપી કોર્સ માટે સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. તેમ છતાં શિક્ષણવિદોનું માનવું છે કે રાજ્ય સરકાર આગામી સમયમાં આવી જાહેરાત કરી શકે છે. જેના કારણે બાયોલોજી વિષય સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સાવચેતીરૂપે નીટ પરીક્ષા આપવી હિતાવહ બની શકે છે.

વિદેશી વિદ્યાર્થીઓ માટે પણ પરીક્ષા ફરજિયાત

દેશની મેડિકલ સંસ્થાઓમાં અભ્યાસ કરવા ઇચ્છતા વિદેશી વિદ્યાર્થીઓ માટે પણ નીટ-યુજી પરીક્ષા ફરજિયાત રાખવામાં આવી છે. જેના કારણે પરીક્ષાનું આંતરરાષ્ટ્રીય મહત્ત્વ પણ વધ્યું છે.

180 મિનિટમાં 180 પ્રશ્નની પરીક્ષા

નીટ-યુજી પરીક્ષા કુલ 180 મિનિટની રહેશે, જેમાં વિદ્યાર્થીઓએ કુલ 180 પ્રશ્નના જવાબ આપવા પડશે. પરીક્ષામાં દરેક સાચા જવાબ માટે 4 માર્ક આપવામાં આવશે, જ્યારે ખોટા જવાબ બદલ 1 માર્ક માઇનસ થશે.

પરીક્ષા વિષયવાર પેટર્ન મુજબ

બાયોલોજી (બોટની અને ઝૂઓલોજી) - 90 પ્રશ્ન, 360 માર્ક
કેમિસ્ટ્રી - 45 પ્રશ્ન, 180 માર્ક
ફિઝિક્સ - 45 પ્રશ્ન, 180 માર્ક
કુલ મળી પરીક્ષા 720 માર્કની રહેશે.

મુંબઈથી ડ્રગ્સ સપ્લાય કરનાર ઝડપાયો

સુરતઃ ચોકબજાર વિસ્તારમાં આવેલા વ્યસન મુક્તિ કેન્દ્રની બહાર જ ગત 3મીના ક્રાઈમ બ્રાંચે મુંબઈની એક મહિલાને 1.96 લાખના એમડી ડ્રગ્સ સાથે પકડી પાડી હતી. આ ગુનાની તપાસ દરમિયાન અઠવા પોલીસની ટીમે ડ્રગ્સનો જથ્થો આપનાર વોન્ટેડને મુંબઈના તલોજાથી પકડી પાડ્યો છે.

ગત તારીખ 03/02/2026ના રોજ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ચોકબજાર ગાંધીબાગ સામેથી રૂકસાર નામની મહિલાને ૬૫.૪૩૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ (કિંમત ૧,૯૬,૨૯૦) સાથે રંગેહાથ પકડી પાડી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ જથ્થો તેણે મુંબઈના પનવેલ ખાતે રહેતા મોબીન નામના વ્યક્તિ પાસેથી મેળવ્યો હતો. જે બાદ અઠવા પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. મકવાણાની ટીમે ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીનું પગેરું દબાવ્યું હતું.

અઠવાલાઈન્સ પોલીસની ટીમે મુંબઈના તલોજા સેક્ટર-૧૪ ખાતે વોચ ગોઠવી હતી. આ દરમિયાન આરોપી મોબીન ઉર્ફે ગુરુ મેહબૂબ ખાન (ઉં.વ. ૨૯, રહે. લાભેશ્વર પ્રથમ સોસાયટી, તલોજા) મળી આવતા તેને દબોચી લેવાયો હતો. આરોપીની ધરપકડ કરી તેને સુરત લાવવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે આરોપી સામે અગાઉ પણ તલોજા પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો છે.

અંડર 19 વિશ્વકપમાં ટીમ ઈન્ડિયાના હેનિલ પટેલનું વલસાડમાં ભવ્ય સ્વાગત

મુંબઈથી સીધા વતન વલસાડ આવેલા હેનિલની ડીજેના તાલ અને ભારત માતાકી જયના નારાઓ સાથે વિજય રેલી ઘર જૂજવા સુધી પહોંચી

વલસાડ : ઝિમ્બાબ્વે અને નામિબિયામાં 15 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી સુધી યોજાએલી અંડર.19 વિશ્વકપ ફાઈનલ મેચમાં ભારતે ઈંગ્લેન્ડને રને પરાજય આપી ચેમ્પિયન બન્યું હતું. દેશમાં ભારત ચેમ્પિયન બનતા ખુશીનો માહોલ સર્જાયો છે. ત્યારે ભારતની ચેમ્પિયન ટીમમાં જૂજવા ગામના ખેડૂત પરિવારના દીકરા હેનિલ પટેલ ચેમ્પિયન ટીમનો ભાગ હતો, ટુર્નામેન્ટની 7 મેચોમાં કુલ 4.44 ની ઈકોનોમી સાથે 11 વિકેટો ઝડપનાર હેનિલ રવિવારે મોડી રાત્રે મુંબઈથી વલસાડ આવી પહોચતા ધરમપુર ચાર રસ્તા ખાતે ભવ્ય સ્વાગત કરાયું હતું, અને વિજય સરઘસ તેના ઘર જૂજવા સુધી પહોંચ્યું હતું. હેનિલ આવતા માતાપિતાએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

હેનિલે આંખોમાં જીતની ખુશી સાથે ટીમ ઈન્ડિયા વિશ્વ ચેમ્પિયન બની હોવાની ખુશી વ્યક્ત કરી હતી. સાથે માતા, પિતા પરિવારની દુવા, શુભેચ્છકોનો પ્રેમ સત્તત સાથે રહ્યો હતો. ઉપરાત સાથી ટીમ ખેલાડીઓ, સ્પોર્ટિંગ સ્ટાફ, અને વિશેષ કરી કોચનું માર્ગદર્શન મહત્વનું નીવડ્યું હોવાનો ઉલ્લેખ કર્યો હતો. મોટી ટુર્નામેન્ટ અને તેમાં પ્રેશર વચ્ચે 5 વિકેટો લેવી અને પ્રથમ ઓવરમાં જ વિકેટ લેવી મોટી વાત છે.

ઉભરતા નવા ક્રિકેટરો માટે શું મેસેજ આપશો આ અંગે હેનિલે ઉમેર્યું કે દેશના એક નાનકડા ગામમાંથી વિશ્વકપ કપ સુધી હું પહોંચી શકતો હોવ તો તમે પણ પહોંચી શકો છો, બસ મહેનત કરો અને પોતાના ઉપર વિશ્વાસ રાખો.

સુરતનું ગૌરવ પ્રતિક ગાંધી હવે 'જીએમ ગ્રુપ'ના બ્રાન્ડ એમ્બેસેડર

ઇન્ડસ્ટ્રિયલ રિયલ એસ્ટેટ ક્ષેત્રે નવા અધ્યાયનો પ્રારંભ, ઉદ્યોગકારોને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને યોગ્ય પ્લેટફોર્મ પૂરૂં પાડવાના વિઝનને વેગ આપશે

પલસાણાઃ સુરતના અગ્રણી ઈન્ડસ્ટ્રિયલ પાર્ક ડેવલપર 'જીએમ ગ્રુપ' દ્વારા લોકપ્રિય અભિનેતા પ્રતિક ગાંધીને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. રવિવારે સુરત ખાતે આયોજિત એક કાર્યક્રમમાં મનોજ અગ્રવાલ, વિષ્ણુકાંત પાલીવાલ અને વિશાલ અગ્રવાલની ઉપસ્થિતિમાં આ જાહેરાત કરવામાં આવી હતી. આ ભાગીદારી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ઉદ્યોગકારોમાં વિશ્વાસ અને વિકાસની નવી ઉર્જા ફેલાવવાનો છે. પ્રતિક ગાંધીની સુરતથી શરૂ થયેલી સંઘર્ષ અને સફળતાની સફર આજે વૈશ્વિક સ્તરે જાણીતી છે. જીએમ ગ્રુપનું માનવું છે કે પ્રતિક ગાંધીની પ્રતિભા અને પ્રામાણિકતા તેમની બ્રાન્ડ વેલ્યુ સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે. આ સમગ્ર કેમ્પેઈનનું સંચાલન 'અલોકિક ગ્રુપ' દ્વારા કરવામાં આવ્યું છે. પ્રતિક ગાંધીએ પણ આ તકે સુરતની ધરતી સાથેના જોડાણ અને જીએમ ગ્રુપની પ્રગતિશીલ વિચારધારા પ્રત્યે આનંદ વ્યક્ત કર્યો હતો. આ નવા જોડાણથી સુરતના ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ક્ષેત્રે નવી નવીનતા અને મજબૂતી આવશે તે નક્કી છે. વિષ્ણુભાઈ પાલીવાલ (ગુડ્ડૂભાઈ)એ જણાવ્યું હતું કે આ ભારત દેશનું એક માત્ર પાર્ક હશે જ્યાં ઈન્ડ્રસ્ટ્રીયલનું બહારનું સ્ટ્રક્ચર એકસરખું હશે. અહીં રોડ રસ્તા સાથે cetpની પાઈપલાઈન અને સરકારની તમામ પરમિશન એક જ ટેબલ ઉપરથી આપવામાં આવશે.

ગેરકાયદે ગેસ રિફિલીંગની આગ, દુકાનદાર, બે બાળકી દાઝી ગયા

પરવટગામ રબારીવાસમાં કરિયાણાની દુકાનની ઘટનાથી અફરાતફરીનો માહોલ

ગેસ રિફિલીંગ કરતો દુકાનદાર તેમજ નાસ્તો લેવા આવેલી બે બાળકી દાઝી ગયા, ત્રણેય ગંભીર

સુરતઃ પરવટગામના રબારીવાસમાં આજે ગેરકાયદે ગેસ રિફિલીંગ દરમિયાન આગ ફાટી નીકળતા દુકાનદાર ઉપરાંત પાંચ અને છ વર્ષની બે માસૂમ બાળકીઓ ગંભીર રીતે દાઝી ગયાની ઘટના સામે આવી છે. ભીષણ આગને પગલે સમગ્ર વિસ્તારમાં ભય અને ગમગીનીનો માહોલ છવાયો હતો. ઘટનાને પગલે ગેરકાયદે ગેસ રિફિલીંગ કરતાં તત્ત્વો સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે.

સુરત શહેરમાં ખાસ કરીને ઈન્ડસ્ટ્રીયલ અને રહેણાંક વિસ્તારોમાં ગેરકાયદે ગેસ રિફિલિંગની કામગીરી બેરોકટોક થઈ રહી છે. વહીવટી તંત્રની ઘોર બેદરકારીના કારણે પર્વતગામના રબારીવાસ વિસ્તારમાં એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. મમતા ટોકીઝ પાસે ઘરની નીચે કરિયાણાની દુકાન ચલાવતો મુકેશ મેવાડા નામનો વેપારી લાંબા સમયથી ગેરકાયદે રીતે ગેસ રિફિલિંગનું જોખમી કામ કરતો હતો. સવારે આશરે પોણા દસ વાગ્યાના અરસામાં જ્યારે મુકેશ પોતાની દુકાનમાં એક ગેસ સિલિન્ડરમાંથી બીજા સિલિન્ડરમાં ગેસ ભરી રહ્યો હતો, ત્યારે અચાનક ગેસ લીકેજ થવાને કારણે પ્રચંડ આગ ભભૂકી ઉઠી હતી. આ દુર્ઘટનામાં વેપારી મુકેશ તો દાઝ્યો જ હતો, સાથે જ તે સમયે દુકાને નાસ્તો ખરીદવા આવેલી બે માસુમ બાળકીઓ પણ આગની લપેટમાં આવી ગઈ હતી.

આગ લાગતાની સાથે જ સમગ્ર વિસ્તારમાં ચીસાચીસ અને દોડધામ મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરતા બે અલગ-અલગ ફાયર સ્ટેશનથી જવાનોનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો અને ગંભીર રીતે દાઝી ગયેલા વેપારી મુકેશ મેવાડા સહિત છ વર્ષની બાળકી ખુશી અને પાંચ વર્ષની બાળકી શશીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા. હોસ્પિટલમાં આ ત્રણેયની હાલત અત્યંત ગંભીર છે, જેમાં માસુમ ખુશી સૌથી વધુ પ્રમાણમાં દાઝી ગઈ હોવાનું જાણવા મળ્યું છે. તંત્રની રહેમનજર હેઠળ ચાલતા આવા ગેરકાયદે રિફિલિંગના કાળા કારોબારને કારણે બે માસુમ બાળકીઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે, ત્યારે હવે જવાબદાર તંત્ર આવા જોખમી એકમો સામે કડક કાર્યવાહી કરશે કે કેમ તે સૌથી મોટો પ્રશ્ન છે.

હજીરામાં ઝૂલામાં સૂતેલી ૪ માસની બાળકી પર પથ્થર પડતા મોત

સુરતઃ હજીરા વિસ્તારમાં માતા ફળિયામાં રહેતા જીતેન્દ્ર ભુરીયા મજૂરી કામ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. શનિવારે જીતેન્દ્ર અને તેની પત્ની તેની ચાર મહિનાની બાળકી આરુશને ઝૂલામાં હિચકાવતા હતા. ત્યારે દિવાલ સાથે ઊભો કરેલો પથ્થર બાળકી ઉપર પડતા ગંભીર ઈજા છે. તે લૂમ્સ ખાતામાં નોકરી કરીને પહોંચતા નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી

ભેસ્તાનમાં આર્થિક તંગીમાં યુવકે ફાંસો ખાઈ આપઘાત કર્યો

સુરતઃ ભેસ્તાનમાં આર્થિક તંગીના કારણે યુવકે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું.

મૂળ ઉત્તરપ્રદેશના વતની શ્યામબહાદુર ચૌહાણ હાલ ભેસ્તાન જય અંબેનગરમાં પરિવાર સાથે રહે છે. તે લૂમ્સ ખાતામાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમના સંતાન પૈકી મનદીપ (ઉં.વ.24)એ શનિવારે રાત્રે ઘરમાં પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મનદીપે આર્થિક તંગીમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા છે.

આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)- CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, ૪મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031.
ટેલિફોનઃ +91 44 4564 4000 - ફેક્સઃ +91 44 4564 4022

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચેના ઋણધારકો અને સહ-ઋણ લેનારાઓએ આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે જણાવેલ સુરક્ષિત લોનનો લાભ લીધો છે અને તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત થઈ ગયા હોવાથી તેમની લોનને RBIની માર્ગદર્શિકા અનુસાર NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમના દ્વારા બાકી રકમનો ઉલ્લેખ સંબંધિત નોટિસો અનુસાર કરવામાં આવ્યો છે, જેનો ખાસ કરીને નીચેના કોષ્ટકમાં વર્ણન કરવામાં આવ્યું છે અને ઉક્ત રકમો પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તેમની પાસેથી તેના પર સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

અ. નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ	ક્લમ 13 (2) નોટિસ તારીખ	ક્લમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	60612416	હોમ લોન	૧. સંતુ રવિન્દ્ર ચૌહાણ ૨. સંતુ રવિન્દ્ર ચૌહાણ	14.01.2026	INR 10,54,068.59/-
મિલકતનું સરનામુંઃ પ્લોટ નં. ૯૮ વાળી તમામ પીસ અને પાર્સલ, જેનું ક્ષેત્રફળ ૬૦.૧૨ ચો.મી. ખુલ્લી જમીન છે, (મહેસૂલી રેકોર્ડ એટલે કે ૭/૧૨ બ્લોક નં. ૯૬/૯૮ મુજબ) તેની સાથે રોડ અને સીઓપીનો ૩૮.૦૭ ચો.મી. નો અવિભાજિત હિસ્સો, "સર્જન રેસીડેન્સી", જે મહેસૂલી સર્વે નં. ૬૫, બ્લોક નં. ૯૬ વાળી એન.એ. જમીન પર આવેલ છે, મોજેઃ કારેલી, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકોઃ પલસાણા, જિલ્લોઃ સુરત, રાજ્યઃ ગુજરાત-૩૯૪૩૧૦, જેની સીમાઓ આ મુજબ છેઃ પૂર્વઃ સંલગ્ન બ્લોક નં. ૯૦, પશ્ચિમઃ સંલગ્ન સોસાયટી રોડ, ઉત્તરઃ સંલગ્ન પ્લોટ નં. ૯૯, દક્ષિણઃ સંલગ્ન પ્લોટ નં. ૯૭.				
2	20383445	હોમ લોન	૧. શિવરાજસિંહ પાલ ૨. જ્યોતિ શિવરાજસિંહ પાલ	30.01.2026	INR 12,07,069.25/-
મિલકતનું સરનામુંઃ પ્લોટ નં. ૨૧૫/B વાળી તમામ પીસ અને પાર્સલ, જેનું ક્ષેત્રફળ ૪૨.૩૮ ચો.મી. છે, તેની સાથે રોડ અને સીઓપીની જમીનનો અવિભાજિત હિસ્સો, "સ્પર્ણ વિલા રેસીડેન્સી", જે બ્લોક નં. ૪, સર્વે નં. ૪/૧, ૪/૨, ૪/૩, ૪/૪, ૪/૫, ૧૩/૧ ખાતે આવેલ છે, મોજેઃ કારેલી, તાલુકોઃ પલસાણા, જિલ્લોઃ સુરત, ગુજરાત-૩૯૪૩૧૦, જેની સીમાઓ આ મુજબ છેઃ પૂર્વઃ સોસાયટી રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. ૨૦૪/B, ઉત્તરઃ પ્લોટ નં. ૨૧૬/B, દક્ષિણઃ પ્લોટ નં. ૨૧૪/B.				

આથી તમને ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ, આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસીબેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને બાકી રકમની ચુકવણી